# અમરેલી જિલ્લામાં મેઘરાજાનો કહેર

તારીખ : 06/07/2026

# 48 કલાક હજુ ભારે વરસાદની આગાહી, રાજુલામાં 12, ધારીમાં 11 અને ખાંભામાં 10 ઈંચ વરસાદ





અમરેલી જિલ્લામાં છેલ્લા 24 કલાક દરમિયાન મેઘરાજાએ જોરદાર બેટિંગ કરતાં સમગ્ર જિલ્લાને પાણી-પાણી કરી દીધો છે. ભારતીય હવામાન વિભાગ દ્વારા આગામી 48 કલાક સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે, જેના પગલે સમગ્ર જિલ્લા વહીવટી તંત્ર હાઈ એલર્ટ પર છે. જિલ્લાના અનેક વિસ્તારોમાં નદીઓ ગાંડીતૂર બની છે, ડેમો છલકાઈ રહ્યા છે, રસ્તાઓ ધોવાઈ ગયા છે અને અનેક ગામોનો સંપર્ક તૂટી ગયો છે.સૌથી વધુ વરસાદ રાજુલા તાલુકામાં નોંધાયો છે, જ્યાં માત્ર 24 કલાકમાં 12 ઈંચ વરસાદ વરસ્યો છે. ગઈકાલના 5 ઈંચ સહિત છેલ્લા 36 કલાકમાં કુલ 17 ઈંચ વરસાદ થતાં સમગ્ર વિસ્તાર જળબંબાકાર બન્યો છે. ધારાબંદર સહિતના અનેક ગામોમાં ઘરોમાં પાણી ઘૂસી ગયા હતા. ડુંગર ગામમાં સરકારી દવાખાના સામે આવેલા રહેણાંક વિસ્તારોમાં પણ પાણી ભરાઈ જતાં લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. પીપાવાવ ફોરવે સહિતનો વિસ્તાર પાણીમાં ગરકાવ થઈ ગયો હતો અને નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી હાથ ધરાઈ હતી. ધાતરવડી-1 અને ધાતરવડી-2 ડેમ છલકાઈ જતાં નદીમાં ભારે પાણી છોડવામાં આવ્યું છે.ગીરકાંઠાના ધારી તાલુકામાં પણ માત્ર 24 કલાકમાં 11 ઈંચ વરસાદ વરસતાં સમગ્ર પંથક જળમગ્ન બન્યો હતો. શેત્રુંજી નદી ગાંડીતૂર બની હતી, જ્યારે જિલ્લાના સૌથી મોટા ખોડિયાર ડેમમાં પણ નવા નીરની જોરદાર આવક થતાં ડેમ છલકાઈ ગયો હતો. ભારે વરસાદને કારણે ધારી-જૂનાગઢ માર્ગ બંધ કરવો પડ્યો હતો.ખાંભા તાલુકામાં 10 ઈંચ વરસાદ વરસતાં ધાતરવડી નદી બે કાંઠે વહેવા લાગી હતી. અનેક ગામોમાં પાણી ભરાઈ જતાં ગ્રામ્ય વિસ્તારોનો સંપર્ક તૂટી ગયો હતો અને લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.જાફરાબાદ અને સાવરકુંડલામાં 5-5 ઈંચ, લીલીયા અને બગસરામાં 6-6 ઈંચ, અમરેલીમાં અઢી ઈંચ, વડીયામાં 1 ઈંચ અને લાઠીમાં અડધો ઈંચ વરસાદ નોંધાયો હતો. જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં નદીઓ, નાળા અને જળાશયો છલકાઈ ઊઠ્યા હતા.ભારે વરસાદને કારણે જિલ્લાના કુલ 21 રસ્તાઓ વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા છે, જ્યારે અંદાજે 10 ગામોનો સંપર્ક અન્ય વિસ્તારો સાથે તૂટી ગયો છે.

સાવરકુંડલા-અમરેલી નેશનલ હાઈવે પર ચરખાડિયા ગામ નજીક ભારે વરસાદના કારણે રસ્તો ધોવાઈ જતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ કરવો પડ્યો હતો. અકસ્માત ટાળવા સ્થાનિકોએ જેસીબી મશીન રસ્તા પર ઊભું રાખીને માર્ગ બંધ કરી દીધો હતો. ઉપરાંત અમરેલી-સાવરકુંડલા વચ્ચે નેશનલ હાઈવેના ત્રણ સ્થળોએ ધોવાણ થતાં વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.અમરેલી શહેરમાં પણ ભારે વરસાદની અસર જોવા મળી હતી. શહેરના પોષ વિસ્તાર ગણાતા ટાવર ચોક સહિતના અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતાં જનજીવન પ્રભાવિત બન્યું હતું.અતિભારે વરસાદની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા કલેક્ટર સવારથી જ ડિઝાસ્ટર કંટ્રોલ રૂમમાં હાજર રહી સમગ્ર સ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે. પ્રભાવિત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરીની સમીક્ષા કરવામાં આવી રહી છે તથા સંબંધિત વિભાગોને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.

છેલ્લા 24 કલાકમાં તાલુકાવાર વરસાદ- રાજુલા – 12 ઈંચ- ધારી – 11 ઈંચ- ખાંભા – 10 ઈંચ- લીલીયા – 6 ઈંચ- બગસરા – 6 ઈંચ- જાફરાબાદ – 5 ઈંચ- સાવરકુંડલા – 5 ઈંચ- અમરેલી – 2.5 ઈંચ- વડીયા – 1 ઈંચ- લાઠી – 0.5 ઈંચહવામાન વિભાગે આગામી 48 કલાક સુધી જિલ્લામાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરતાં નાગરિકોને બિનજરૂરી મુસાફરી ટાળવા, નદી-નાળા અને નીચાણવાળા વિસ્તારોમાં ન જવા તેમજ વહીવટી તંત્રની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરી છે.

કે.ડી. NEWS

તારીખ : 06/07/2026

# સાવરકુંડલામાં જળતાંડવ વચ્ચે દિલધડક રેસ્ક્યુ

## જૂના સાવર ગામે ઘોડાપૂરના ધસમસતા પ્રવાહમાં ફસાયેલા ૨૧ વર્ષીય યુવાનનો જીવ બચાવાયો





અમરેલી જિલ્લાના સાવરકુંડલા પંથકમાં સતત બે દિવસથી વરસી રહેલા ભારે વરસાદે ભારે તારાજી સર્જી છે. અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે, જ્યારે રોડ-રસ્તાઓનું ધોવાણ થતાં જનજીવન પ્રભાવિત થયું છે. સૌથી ભયાનક સ્થિતિ સાવરકુંડલાના જૂના સાવર ગામે સર્જાઈ હતી, જ્યાં ઘોડાપૂરના ધસમસતા પ્રવાહ વચ્ચે ફસાયેલા ૨૧ વર્ષીય યુવાનનો જીવ જોખમમાં મુકાયો હતો.પ્રાપ્ત વિગતો અનુસાર, ઉનાથી જામનગર તરફ કાર ટોઈંગ કરીને જઈ રહેલી એક ક્રેન અને તેની સાથેની કાર પૂરના ધસમસતા પ્રવાહમાં તણાઈ ગયા હતા. પાણીનો પ્રવાહ એટલો પ્રચંડ હતો કે સમગ્ર ઘટનાસ્થળે ભયનો માહોલ સર્જાયો હતો. આ દરમિયાન પોતાનો જીવ બચાવવા માટે ૨૧ વર્ષીય યુવાન કારની છત પર ચડી ગયો હતો અને મદદ માટે રાડો પાડી રહ્યો હતો.ઘટનાની જાણ થતાં જ સાવરકુંડલા પાલિકાના કોર્પોરેટર નાસીર ચૌહાણ પોતાની ટીમ સાથે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ભારે પાણીના પ્રવાહ અને જોખમી પરિસ્થિતિ વચ્ચે નાસીર ચૌહાણ અને તેમની ટીમે અદભુત હિંમત દાખવી હતી. ભારે જહેમત અને સેવાભાવી લોકોના સહયોગથી યુવાનને પૂરના ધસમસતા પાણીમાંથી સલામત રીતે બહાર કાઢવામાં આવ્યો હતો. દિલધડક રેસ્ક્યુ બાદ યુવાનનો જીવ બચી જતાં સૌએ રાહતનો શ્વાસ લીધો હતો.

ઘટનાની ગંભીરતાને પગલે સ્થાનિક ધારાસભ્ય મહેશ કસવાલા પણ પોતાના કાફલા સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા અને પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. ભારે વરસાદ અને પૂરની સ્થિતિને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા નદી-નાળા તથા અસરગ્રસ્ત વિસ્તારોમાં લોકોને સાવચેત રહેવા અને જોખમી સ્થળોથી દૂર રહેવા અપીલ કરવામાં આવી છે.સાવરકુંડલા પંથકમાં બે દિવસના ભારે વરસાદ બાદ અનેક વિસ્તારોમાં હજુ પણ પાણી ભરાયેલા છે અને રોડ-રસ્તાઓને નુકસાન પહોંચ્યું છે. તંત્ર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

કે.ડી. NEWS

તારીખ : 06/07/2026

# સાવરકુંડલાની નાવલી નદીને ઊંડી ઉતારવાની વેપારીઓની માંગ

## રિદ્ધિ-સિદ્ધિ મંદિરથી ભૂવા રોડ સુધી 5 ફૂટ ઊંડાણ વધારવા અપીલ



છેલ્લા કેટલાક દિવસોથી સતત વરસી રહેલા વરસાદના કારણે સાવરકુંડલાની નાવલી નદીમાં વારંવાર પાણીનો પ્રવાહ વધતા શહેરના વેપારીઓ અને સ્થાનિક રહેવાસીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. છેલ્લા માત્ર ત્રણ દિવસમાં જ ચોથી વખત નાવલી નદી પર પાણી ફરી વળતાં નીચાણવાળા વિસ્તારો અને નદી કાંઠે આવેલી અનેક દુકાનોમાં પાણી ઘૂસી જવાથી વેપારીઓને માલસામાનનું નુકસાન સહન કરવું પડ્યું છે.ત્યારે રિદ્ધિ-સિદ્ધિ મંદિરથી ભૂવા રોડ સુધીના નાવલી નદીના પટને અંદાજે 3થી 5 ફૂટ જેટલો ઊંડો ઉતારવામાં આવે. આ કામગીરીથી નદીની પાણી વહન કરવાની ક્ષમતા વધશે, વરસાદી પાણીનો ઝડપથી નિકાલ થશે અને નદી પર વારંવાર પાણી ફરી વળવાની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થઈ શકશે.

વેપારીઓનું કહેવું છે કે દર વખતે પાણી આવતાં દુકાનોમાં પાણી પ્રવેશી માલસામાનને નુકસાન થાય છે, જેના કારણે આર્થિક ફટકો સહન કરવો પડે છે. જો સમયસર નદીનું ઊંડાણ વધારવાની કામગીરી હાથ ધરવામાં આવે તો ભવિષ્યમાં આવી પરિસ્થિતિથી ઘણી હદ સુધી બચી શકાય.

તારીખ : 06/07/2026

# સાવરકુંડલાના ઠવી ગામે સિંહે માણસ પર હુમલો કર્યો

## પરિવારની બહાદુરીથી જીવ બચ્યો, ઈજાગ્રસ્ત સારવાર હેઠળ



અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ઠવી ગામે મોડી રાત્રે સિંહે એક વ્યક્તિ પર હુમલો કર્યો હતો. રાજુભાઈ મનસુખભાઈ વાઘેલા પર થયેલા આ હુમલામાં તેમના પરિવારે બહાદુરીપૂર્વક સિંહને ભગાડી તેમનો જીવ બચાવ્યો હતો.

હુમલામાં રાજુભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર માટે સાવરકુંડલાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.ઘટનાની જાણ થતાં જ વન વિભાગ અને સ્થાનિક તંત્ર સક્રિય બન્યું છે. વિસ્તારમાં સિંહની હિલચાલ પર નજર રાખવામાં આવી રહી છે અને સુરક્ષાના પગલાં લેવાઈ રહ્યા છે.તાજેતરના સમયમાં અમરેલી જિલ્લામાં સિંહોના માનવ વસાહતો તરફ વધતા આવાગમન અને હુમલાની ઘટનાઓને કારણે ગ્રામજનોમાં ચિંતાનો માહોલ છે.

ગ્રામજનોએ વન વિભાગને સિંહની સતત દેખરેખ રાખવા, લોકોને સુરક્ષા પૂરી પાડવા અને રાત્રિના સમયે ખાસ પેટ્રોલિંગ વધારવાની માંગ કરી છે.

કે.ડી. NEWS

તારીખ : 06/07/2026



# ઉપરવાસના વરસાદથી નાવલી નદી ફરી બે કાંઠે, આજે ચોથી વખત જોવા મળ્યું પૂર

સાવરકુંડલામાં એક ઇંચ જેટલો વરસાદ**

ઉપરવાસના વિસ્તારોમાં પડેલા વરસાદને કારણે સાવરકુંડલાની નાવલી નદીમાં ફરી પાણીની આવક થઈ છે. આજે નાવલી નદી ચોથી વખત બે કાંઠે વહી રહી છે. નદીમાં પાણીની આવક વધતા શહેરમાંથી પસાર થતી નાવલી નદીનો નજારો જોવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.ઉપરવાસમાં પડેલા વરસાદના કારણે નાવલી નદીમાં ધસમસતા નીર જોવા મળ્યા હતા. છેલ્લા કેટલાક દિવસોથી સાવરકુંડલા શહેર અને તાલુકા પંથકમાં વરસાદી માહોલ યથાવત રહ્યો છે. ત્યારે ઉપરવાસમાંથી પાણીની આવક થતાં નાવલી નદી ફરી એકવાર બે કાંઠે વહેતી જોવા મળી હતી.નોંધનીય છે કે આજે ચોથી વખત નાવલી નદી બે કાંઠે વહી રહી છે. નદીમાં પાણીની આવકને પગલે નીચાણવાળા વિસ્તારો તેમજ નદીકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોમાં પણ સતર્કતા જોવા મળી રહી છે.











તારીખ : 06/07/2026

# સાવરકુંડલા મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી ખાતે ફલડ કંટ્રોલરૂમ ચાલુ કરવામાં આવ્યો

## ચોમાસા દરમિયાન આપત્તિ નિવારણ માટે 24 કલાક કાર્યરત રહેશે કંટ્રોલ રૂમ

સાવરકુંડલા ખાતે આગામી ચોમાસાની ઋતુ દરમિયાન સર્જાઈ શકે તેવી કુદરતી આપત્તિઓ જેવી કે વાવાઝોડું, પૂર તેમજ અતિભારે વરસાદની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી સુચારુ રીતે હાથ ધરવામાં આવી શકે તે માટે મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી ખાતે ફલડ કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યો છે. સાવરકુંડલા તાલુકાનો આ કંટ્રોલ રૂમ આપત્તિ વ્યવસ્થાપન એક્ટની જોગવાઈઓ અનુસાર પૂર્વ આયોજનરૂપે શરૂ કરવામાં આવ્યો છે, જે આગામી તા. 30/11/2026 સુધી 24 કલાક સતત કાર્યરત રહેશે. આ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા આપત્તિના સમયમાં ઝડપી પ્રતિસાદ, માહિતી વહેંચણી, સંકલન અને રાહત કામગીરી સરળતાથી સુનિશ્ચિત કરવામાં આવશે. સાવરકુંડલા વહીવટી તંત્રના પ્રાંત અધિકારી ઝીલ પટેલ, મામલતદાર એસ.બી. દેસાઈ, નાયબ મામલતદાર કિરીટ પાઠક તથા એસ.જી. લેઉવા, શિરેસ્તેદાર મિતેષ ધોરાજીયા, એસ.ટી. ડેપો મેનેજર વિમલ નથવાણી, ચીફ ઓફિસર સાવન રતાણી, પાલિકા સર્વેયર હરેશગીરી ગોસાઈ અને કલાર્ક સંજયભાઈ ત્રિવેદી સહિત તાલુકા વિકાસ અધિકારી અને તાલુકા પંચાયત કચેરીની ટીમ, તેમજ તલાટી મંત્રીઓ દ્વારા સતત કંટ્રોલ રૂમનું મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે.

વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને અનુરોધ કરવામાં આવ્યો છે કે આપત્તિ જેવી પરિસ્થિતિમાં ગભરાશો નહીં, સચોટ માહિતી માટે કંટ્રોલ રૂમનો સંપર્ક સાધવો અને તંત્ર દ્વારા આપવામાં આવતા સૂચનોનું પાલન કરવું.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 06/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# Happy Birthday




# પ્રતિકકુમાર ગોવિંદભાઈ નાકરાણી

* પુર્વ ઉપપ્રમુખ : સાવરકુંડલા નગરપાલીકા
* પુર્વ ઉપપ્રમુખ : સાવરકુંડલા શહેર ભાજપ
* કન્વીનર : સરદારધામ, અમદાવાદ
* ડીરેકટર : અમરેલી જિલ્લા મલ્ટી એગ્રી પ્રોડયુસર કંપની લી.
* વા. ચેરમેન : અ.જિ. સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ કોર કમીટી

**મો. 99792 53084**

કે.ડી. NEWS
તારીખ : 06/07/2026

# આજે ધીરુભાઈ અંબાણીની પુણ્યતિથિ



ભારતના અગ્રણી ઉદ્યોગપતિ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના સ્થાપક સ્વ. ધીરુભાઈ અંબાણીની આજે પુણ્યતિથિ નિમિત્તે દેશભરમાં તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી રહી છે. સામાન્ય પરિવારમાં જન્મેલા ધીરુભાઈ અંબાણીએ પોતાના દૃઢ સંકલ્પ, મહેનત, દૂરંદેશી અને સાહસિક વિચારસરણીના બળે ભારતીય ઉદ્યોગજગતમાં એક નવી ક્રાંતિ સર્જી હતી.તેમણે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝને નાનકડા વેપારથી શરૂ કરીને વૈશ્વિક સ્તરે પ્રતિષ્ઠિત કંપની તરીકે સ્થાપિત કરી. ભારતીય મૂડીબજારમાં સામાન્ય રોકાણકારોને જોડવાનો શ્રેય પણ મોટા ભાગે ધીરુભાઈ અંબાણીને જાય છે. તેમના વ્યવસાયિક અભિગમ, નવીન વિચારો અને જોખમ લેવાની ક્ષમતાએ લાખો યુવાનોને ઉદ્યોગસાહસિક બનવા માટે પ્રેરણા આપી છે.સ્વ. ધીરુભાઈ અંબાણીનું 6 જુલાઈ, 2002ના રોજ અવસાન થયું હતું. તેમના નિધનને આજે 24 વર્ષ પૂર્ણ થયા છે. તેમ છતાં તેમના વિચારો, કાર્યશૈલી અને ઉદ્યોગ વિકાસમાં આપેલું યોગદાન આજે પણ દેશના આર્થિક વિકાસ માટે પ્રેરણારૂપ માનવામાં આવે છે.પુણ્યતિથિના અવસરે વિવિધ સામાજિક, વ્યાવસાયિક અને ઔદ્યોગિક સંગઠનો દ્વારા તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી રહી છે તથા તેમના જીવનમાંથી પ્રેરણા લઈ આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે કાર્ય કરવાની ભાવના વ્યક્ત કરવામાં આવી છે.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 06/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વાંકા-ચુકા દાંતની સારવારનાં નિષ્ણાંત

## અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.

# ડો. દેવાંગ બી. પંડયા

**B.D.S., M.D.S.(orthodontics)**
**Double-Slot System (Brazil)**



**દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ**

# દેવ ડેન્ટલ ક્લિનીક & ઇમ્પ્લાન્ટ સેન્ટર

**સમય : સવારે ૯ થી ૧ / સાંજે ૪ થી ૮**

**સ્થળ : ઇન્દુ પ્લાઝા કોમ્પ્લેક્ષ, મણીભાઇ ચોક, સાવરકુંડલા. મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 06/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :



કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# Happy Birthday



# ડૉ. ભરતભાઈ કાનાબાર

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના વરિષ્ઠ આગેવાન
અમરેલી જિલ્લાના પૂર્વ પ્રમુખ તેમજ જૂનાગઢ મહાનગરના
પૂર્વ સંગઠનના પ્રભારી રઘુવંશી રત્ન

તારીખ : 06/07/2026

# અમરેલી ડાયમંડ એસોસિએશન દ્વારા રત્નકલાકારોના સંતાનોને નિઃશુલ્ક નોટબુકનું વિતરણ કરાયું




અમરેલી જિલ્લા ડાયમંડ એસોસિએશન દ્વારા રત્નકલાકારોના સંતાનોને શિક્ષણમાં પ્રોત્સાહન મળે તેવા ઉમદા હેતુથી નિઃશુલ્ક નોટબુક વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ દાતાશ્રીઓના સહયોગ તેમજ ડાયમંડ એસોસિએશન દ્વારા કરવામાં આવતી સેવાલક્ષી પ્રવૃત્તિઓની પ્રશંસા કરી અને આયોજકોને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી હતી.કાર્યક્રમના અધ્યક્ષસ્થાને અગ્રણી ઉદ્યોગપતિ શ્રી અશોકભાઈ ગજેરા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ અતુલભાઈ કાનાણી, ભાજપના પૂર્વ જિલ્લા પ્રમુખ શ્રી શરદભાઈ લાખાણી, અમરેલી જિલ્લા ડાયમંડ એસોસિએશનના સક્રિય પ્રમુખ શ્રી લલિતભાઈ ઠુંમર, અગ્રણી શ્રી કાળુભાઈ સુહાગીયા, શ્રી પ્રકાશભાઈ કાબરિયા, શ્રી રાકેશભાઈ સાવલિયા સહિત ડાયમંડ ઉદ્યોગ સાથે સંકળાયેલા અગ્રણીઓ અને દાતાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં મોટી સંખ્યામાં રત્નકલાકારોના સંતાનો તથા તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. નિઃશુલ્ક નોટબુક વિતરણ જેવી સેવાકીય પહેલને ઉપસ્થિત સૌએ બિરદાવી હતી અને સમાજના શિક્ષણલક્ષી વિકાસ માટે આવી પ્રવૃત્તિઓ સતત ચાલુ રહે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી હતી.






તારીખ : 06/07/2026



# જૂના સાવરમાં ભારે વરસાદને પગલે જનજીવન પ્રભાવિત: ગામના પાદરમાં પાણી ભરાતા તંત્ર એલર્ટ

સાવરકુંડલા તાલુકાના જૂના સાવર ગામમાં થયેલા ભારે વરસાદને કારણે જનજીવન પર વ્યાપક અસર જોવા મળી છે. ગામના પાદરમાં આવેલી પ્રાથમિક શાળાઓ , બેંક તથા અન્ય સરકારી કચેરીઓ વિસ્તારમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી.ભારે વરસાદના પગલે ગામના અનેક વિસ્તારોમાં વીજળીના થાંભલા ધરાશાયી થતા વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે.

ગામની ગૌચર જમીન અને નીચાણ વાળા વિસ્તારોમાં પાણીનો ભારે ભરાવો જોવા મળ્યો હતો, જેના કારણે સ્થાનિક રહેવાસીઓના ઘરોમાં પાણી ઘૂસી જવાની દહેશત પણ વર્તાઈ રહી હતી.

સદનસીબે, હાલમાં વરસાદનું જોર ઘટતા પાણી ધીરે ધીરે ઓસરી રહ્યા છે, જેના કારણે ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો છે. પરિસ્થિતિ પર ગ્રામજનો અને સ્થાનિક તંત્ર દ્વારા સતત નજર રાખવામાં આવી રહી છે.





તારીખ : 06/07/2026

# સાવરકુંડલા લીલીયા વિસ્તારના વરસાદી સંકટ વચ્ચે ગ્રાઉન્ડ પર અસરગ્રસ્તોની વેદના સંભાળતા :- શ્રી કસવાલા



## જનતાની વચ્ચે પહોંચ્યા ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, વરસાદી પરિસ્થિતિની કરી અધિકારી તેમજ પદાધિકારી સાથે કરી  સમીક્ષા





## સાવરકુંડલા/લીલીયા વિસ્તારના અસરગ્રસ્ત ગામોમાં શ્રી કસવાલાએ અધિકારીઓને આપ્યા જરૂરી સૂચનો

સાવરકુંડલા–લીલીયા વિધાનસભાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ વરસાદી સંકટ વચ્ચે ગ્રાઉન્ડ પર અસરગ્રસ્તોની વેદના સાંભળી હતી અમરેલી જિલ્લામાં સતત વરસી રહેલા ભારે વરસાદને કારણે અસરગ્રસ્ત વિસ્તારોની વાસ્તવિક સ્થિતિનો તાગ મેળવવા સાવરકુંડલા–લીલીયા વિધાનસભાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ આજે ગ્રાઉન્ડ પર પહોંચી અસરગ્રસ્ત ગામોની મુલાકાત લીધી.ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા એ સાવરકુંડલા તાલુકાના ભુવા, જુના સાવર, સીમરણ, ખડકાળા, બોરાળા, જીરા તેમજ લીલીયા તાલુકાના આંબા સહિતના ગામોમાં જઈ વરસાદથી સર્જાયેલી પરિસ્થિતિનું સ્થળ પર નિરીક્ષણ કર્યું. આ દરમિયાન તેમણે સ્થાનિક ગ્રામજનો સાથે રૂબરૂ વાતચીત કરીને તેમની મુશ્કેલીઓ, નુકસાન તથા જરૂરીયાતોની માહિતી મેળવી.આ મુલાકાત દરમિયાન ધારાસભ્યશ્રીએ સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે સ્થળ પર જ ચર્ચા કરીને વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી વધુ અસરકારક રીતે હાથ ધરવા, માર્ગ વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા, વીજ પુરવઠો અને પીવાના પાણી સહિતની આવશ્યક સેવાઓ ઝડપથી શરૂ કરવા તેમજ અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક જરૂરી સહાય પહોંચાડવા માટે જરૂરી સૂચનાઓ આપી.ધારાસભ્યશ્રીએ  જણાવ્યું કે રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત નાગરિકોને ઝડપથી રાહત મળે તે માટે સતત કામગીરી કરવામાં આવી રહી છે અને કોઈપણ જરૂરિયાત ઊભી થશે તો તંત્ર તાત્કાલિક પ્રતિસાદ આપશે. આ મુલાકાતો દરમ્યાન સરકારશ્રીના અધિકારીઓ,પદાધિકારીઓ,વિસ્તારના આગેવાનો, સરપંચો સહિત  હાજર રહા હતા.

# કે.ડી. NEWS

તારીખ : 06/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




# HAPPY BIRTHDAY

## વેજલાણી તાહેરઅલી

પ્રકાશ પ્રિન્ટર્સમાં ન્યુઝપેપર ડીલેવરી સાથે વર્ષોથી જોડાયેલા તેમજ સંનિષ્ઠ અને નિયમિત એવા વેજલાણીભાઈને ૬૦ મા જન્મદિવસની ખુબ-ખુબ શુભેચ્છાઓ...

મો. 94290 77052

કે.ડી. NEWS

તારીખ : 06/07/2026

# કેરાણા-હાવડ કોઝવે પર પાણીના પ્રચંડ પ્રવાહમાં ઈકો કાર ફસાઈ, 7 વ્યક્તિઓનો સલામત બહાર કઢાયા



અમરેલી જિલ્લામાં સતત વરસી રહેલા ભારે વરસાદને પગલે નદીઓ અને કોઝવે પર પાણીનો પ્રવાહ વધતા અનેક સ્થળોએ જોખમી પરિસ્થિતિ સર્જાઈ રહી છે. આવી જ એક ઘટના સાવરકુંડલા તાલુકાના કેરાણા અને હાવડ ગામ વચ્ચે આવેલા કોઝવે પર બની હતી.ભારે પાણીના પ્રવાહ વચ્ચે એક ઈકો કાર કોઝવે પર ફસાઈ જતાં કારમાં સવાર કુલ સાત વ્યક્તિઓ જીવના જોખમે અટવાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ અમરેલી ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને સ્થાનિક તંત્રના સહયોગથી બચાવ કામગીરી શરૂ કરી હતી.પાણીનો પ્રચંડ પ્રવાહ, સતત વરસાદ અને પડકારજનક પરિસ્થિતિ વચ્ચે ફાયર વિભાગના જવાનોએ અત્યંત સાવચેતી અને કુશળતા સાથે લગભગ ત્રણ કલાક સુધી સતત રેસ્ક્યુ ઓપરેશન ચલાવ્યું હતું. જહેમતભરી કામગીરી બાદ ઈકો કારમાં ફસાયેલા તમામ સાત વ્યક્તિઓને સલામત રીતે બહાર કાઢવામાં સફળતા મળી હતી.સમયસર હાથ ધરાયેલી બચાવ કામગીરીને કારણે કોઈ જાનહાનિ થઈ ન હતી. સમગ્ર ઘટનામાં ફાયર વિભાગની ટીમની સતર્કતા, ઝડપી કાર્યવાહી અને બહાદુરી પ્રશંસનીય રહી હતી.તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે ભારે વરસાદ દરમિયાન પાણીથી છલકાતા કોઝવે, નદી-નાળાં કે નીચાણવાળા માર્ગો પરથી પસાર થવાનો પ્રયાસ ન કરે તથા પોતાની અને પરિવારની સુરક્ષાને પ્રાથમિકતા આપે.

તારીખ : 06/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER


Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 06/07/2026

# ભાવનગર જિલ્લાનો શેત્રુંજી ડેમ 100% ભરાયો



ફ્લડ મોનીટરશ્રી,ફ્લડસેલ
ભાવનગર સિંચાઈ યોજના વર્તુળ,
પાનવાડી, ભાવનગર.
ફોન નં. ૨૫૨૧૨૬૨
ફેક્સનં. ૦૨૭૮-૨૪૩૯૭૨૨
પ્રતિ,
(૧)સમાહર્તાશ્રી,
ડીઝાસ્ટર શાખા,
જિલ્લા સેવાસદન નં.૧,
ભાવનગર.
ફોન નં. ૨૫૨૧૫૫૪/૨૫૨૧૫૫૫
ફેક્સનં. (૦૨૭૮)૨૪૩૭૭૦૦
(૨)કેન્દ્ર નિયામકશ્રી
કેન્દ્ર નિયામકની કચેરી,
ઓલ ઈંડીયા રેડીયો,
આકાશવાણી, રાજકોટ.
ફોન નં. (૦૨૮૧)૨૪૫૩૫૦૩
ફેક્સનં. (૦૨૮૧)૨૪૫૩૫૦૩
(૩)આર.એન્ડ યુ.ઈન્ચાર્જ
ન્યુઝ સેક્સન,દુરદર્શન
અમદાવાદ.
ફોન નં.(૦૭૯)૨૬૮૫૮૭૬૩
ફેક્સનં. (૦૭૯)૨૬૮૫૨૦૭૩
(૪)નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી,
ફ્લડ કન્ટ્રોલ સેલ, ગાંધિનગર.
ફોન નં. (૦૭૯)૨૩૨૪૦૮૧૧/૧૨/૨૧/(૦૭૯) ૨૩૨૪૦૭૧૩/૨૦
ફેક્સનં. (૦૭૯)૨૩૨૪૦૫૫૩

| | |
|---|---|
| મેસેજ નં.૪ | ૧૦૦% હાઈએલર્ટ |
| સમય: 17:45 | ગેઈટેડ યોજના |
| તારીખ: 6/7/26 | |
| ૭૬ | શેત્રુંજી સિંચાઈ યોજના |
| ભાવનગર જળસિંચન વિભાગ,ભાવનગર | |
| સિંચાઈ પેટા વિભાગ,પાલીતાણા | |

વિષય:- શેત્રુંજી સિંચાઈ યોજના ૧૦૦% ભરાતા હાઈએલર્ટ મેસેજ

ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાના રાજસ્થળી ગામ પાસે શેત્રુંજી નદી ઉપર આવેલા શેત્રુંજી સિંચાઈ યોજનામાં ૧૦૦% પાણી ભરાયેલ હોવાથી આ સિંચાઈ યોજનામાટે નર્મદા,જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગનાપરીપત્ર ક્ર નં 4 NWRWS/D/0881/12/2025 Date: 19-12-2025 અન્વયે હાઈ એલર્ટ કરવામા છે. આ યોજનાપુર્ણસપાટી એ ભરાતા/રૂલ લેવલ જાળવવા પાણી છોડવામાઆવે ત્યારે નદીનાપટમા કે કાંઠા વિસ્તારમાંકોઈએ અવર જવર કરવીનહી. પાણી છોડવામા આવે ત્યારે નીચે મુજબના ગામોને અસર થવાની સંભાવના છે.

| તાલુકો | જિલ્લો | અસરગ્રસ્ત ગામો |
|---|---|---|
| પાલીતાણા | ભાવનગર | નાની-રાજસ્થળી,લાપાળીયા,લાખાવડ,માયધાર,મેઢા |
| તળાજા | ભાવનગર | ભેગાળી,દાત્રડ,પીંગળી,ટીમાણા,સેવાળીયા,રોયલ,માખણીયા,તળાજા,ગોરખી,લીલીવાવ,તરસરા,સરતાનપર |

ફ્લડ મેમોરેડમ ૨૦૨૬ ચેપ્ટર ૧૭.૦૭ ક્રમ નં.૧૪

ડેમની હાલની સ્થિતી નીચે મુજબ છે.

| | હાલની સ્થીતી | મહત્તમ લેવલ |
|---|---|---|
| પાણીની સપાટી | લેવલ 55.53 મી ગેજ 33.98 ફુટ | લેવલ ૫૫.૫૩ મી. ગેજ ૩૩.૯૮ ફુટ |
| પાણીનો જથ્થો | 12235.90 મી ઘનફુટ | ૧૨૨૩૫.૯૦ મી. ઘન ફુટ |

૯૦% નો મેસેજ નં.૩ તા. 6/7/26 ના રોજ આપેલ છે.

If. 8117 cusec

આપનો વિશ્વાસુ

નાયબ કાર્યપાલક ઈજનેર અને
ફરજ પરના અધિકારી
ફ્લડ સેલ ભાવનગર સિંચાઈ યોજના
ભાવનગર

નકલ સાદર રવના/વાયરલેસ મેસેજ/ફોન મેસેજ/ફેક્સ મેસેજ:
(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત,ભાવનગર.
ફોન નં.ફ્લડ કન્ટ્રોલ-(૦૨૭૮)૨૪૩૯૯૫૧ ફેક્સ નં. (૦૨૭૮)૨૪૩૯૯૫૧
(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી,ભાવનગર.
ફોન નં. (૦૨૭૮)૨૫૨૦૦૫૦ ફેક્સ નં. (૦૨૭૮)૨૫૧૦૬૨૧



ભાવનગર જિલ્લાનો શેત્રુંજી ડેમ તા. ૦૬/૦૭/૨૦૨૬ ના સાંજે પાંચ કલાકે 100% ભરાઈ ગયો હતો. શેત્રુંજી ડેમ 100% ભરાતા પાલીતાણા તથા તળાજા તાલુકાના અસરગ્રસ્ત ગામડાઓને એલર્ટ કરવામાં આવ્યા હતા.છેલ્લા થોડા દિવસથી અમરેલી તથા ભાવનગર જિલ્લામાં તેમજ પાલીતાણા અને તળાજા તાલુકાના ગામડાઓમાં વરસાદ વરસતો હોય શેત્રુંજી ડેમમાં પાણીની સારી આવક થતા તા. ૬ જુલાઈના રોજ સાંજે સાંજે ૫.૪૫ વાગ્યે શેત્રુંજી ડેમ 100% ભરાઈ ગયો હતો.શેત્રુંજી ડેમ 100% ભરાતા પાલીતાણા તાલુકાના અસરગ્રસ્ત ગામો નાની રાજસ્થળી, લાપાળીયા, લાખાવાડ, માયધાર અને મેઢા તેમજ તળાજા તાલુકાના ભેગાળી, દાત્રડ, પિંગળી, ટીમાણા, સેવાળીયા, રોયલ, માખણીયા, તળાજા, ગોરખી, લીલીવાવ, તરસરા અને સરતાનપરને એલર્ટ જાહેર કરવામાં આવ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 06/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# Happy Birthday



# ભરતભાઈ ગીડા

## યુવા અગ્રણી કાઠી ક્ષત્રિય સમાજ

કે.ડી. NEWS

તારીખ : 06/07/2026

# રાજ્યની 426 પીએમ શ્રી શાળાઓમાં ચિત્ર, કલા, સંગીત, નૃત્ય અને પીટી માટે તક પ્રતિદિન ₹864 માનદ વેતન અપાશે




ગુજરાત શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની 426 પીએમ શ્રી (PM SHRI) સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવા માટે ચિત્ર અને કલા, સંગીત અને નૃત્ય તેમજ રમતગમત (પીટી/યોગ) જેવા વિષયો માટે હંગામી ધોરણે રિસોર્સ પર્સન અને સ્પોર્ટ્સ કોચની ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

આ ભરતી ટૂંકા ગાળાના કરાર આધારિત પ્રોજેક્ટ તરીકે કરવામાં આવશે. પસંદગી પામેલા ઉમેદવારોને 100 દિવસના કાર્યકાળ દરમિયાન પ્રતિદિન ₹864 મુજબ માનદ વેતન ચૂકવવામાં આવશે. માસિક ધોરણે અંદાજે ₹16,000 સુધીનું વળતર મળવાપાત્ર રહેશે.શિક્ષણ વિભાગના જણાવ્યા અનુસાર આ પહેલનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં અભ્યાસની સાથે કલા, સંગીત, સંસ્કૃતિ, યોગ અને રમતગમત પ્રત્યે રસ અને પ્રતિભાનો વિકાસ કરવાનો છે. આ યોજના હેઠળ વિદ્યાર્થીઓને વિષય નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન અને તાલીમ આપવામાં આવશે, જેથી તેમની સર્જનાત્મકતા, આત્મવિશ્વાસ અને શારીરિક ક્ષમતામાં વધારો થઈ શકે.આ ભરતીથી સંબંધિત ક્ષેત્રોમાં લાયકાત ધરાવતા સ્થાનિક કલાકારો, સંગીતકારો, નૃત્યકારો તેમજ રમતગમતના કોચને પણ ટૂંકા ગાળાની રોજગારીની તક ઉપલબ્ધ થશે.

ખાસ કરીને ગ્રામ્ય અને શહેરી સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર સહ-શૈક્ષણિક તાલીમનો લાભ મળશે.લાયકાત, અરજી પ્રક્રિયા, પસંદગીની પદ્ધતિ અને અન્ય જરૂરી વિગતો માટે ઉમેદવારોએ ગુજરાત શિક્ષણ વિભાગની સત્તાવાર વેબસાઈટ પર સમયાંતરે જાહેર થતી સૂચનાઓ પર નજર રાખવાની રહેશે.

શિક્ષણ વિભાગના આ મહત્વપૂર્ણ નિર્ણયને વિદ્યાર્થીઓના માનસિક, શારીરિક અને સર્જનાત્મક વિકાસ માટે એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે, જેનાથી સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા અને સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓને વધુ વેગ મળશે.

તારીખ : 06/07/2026

# અમરેલી જિલ્લામાં ભારે વરસાદને પગલે આજે ૫ તાલુકાની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં રજા રહી

અમરેલી જિલ્લામાં ભારે વરસાદની આગાહી અને વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા તંત્ર અને શિક્ષણ વિભાગ દ્વારા આજે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓની સુરક્ષાને સર્વોપરી માનતા જિલ્લાના સૌથી વધુ અસરગ્રસ્ત પાંચ તાલુકાઓમાં આજના દિવસ પૂરતી તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી હતી.શિક્ષણ વિભાગના આદેશ અનુસાર સાવરકુંડલા, રાજુલા, જાફરાબાદ, ખાંભા અને ધારી તાલુકાની તમામ સરકારી, અનુદાનિત તેમજ ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં આજે શૈક્ષણિક કામગીરી સ્થગિત રાખવામાં આવી હતી.જિલ્લાના આ તાલુકાઓમાં સતત વરસાદને કારણે અનેક નીચાણવાળા અને અંતરિયાળ વિસ્તારોમાં પાણી ભરાવા, નદી-નાળા છલકાવા તેમજ પૂર જેવી સ્થિતિ સર્જાવાની શક્યતાને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓની સલામતીના હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો હતો.અમરેલી જિલ્લાના અન્ય તાલુકાઓમાં પરિસ્થિતિની સતત સમીક્ષા કરવામાં આવી રહી છે. વરસાદની સ્થિતિને આધારે આગામી દિવસોમાં જરૂરી હોય તો વધુ નિર્ણય લેવામાં આવશે.જિલ્લા તંત્રે વાલીઓને અપીલ કરી હતી કે તેઓ વરસાદી પરિસ્થિતિ દરમિયાન બાળકોને બિનજરૂરી બહાર ન મોકલે તેમજ વહીવટીતંત્ર અને હવામાન વિભાગ દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરે.

કે.ડી NEWS

તારીખ : 06/07/2026


# અમરેલી જિલ્લામાં અતિભારે વરસાદથી થયેલા નુકસાન અંગે ખેડૂતો અને અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક વળતર તથા કેશડોલ ચૂકવવાની માંગ

સાવરકુંડલા-લીલીયાના પૂર્વ ધારાસભ્ય તથા અમરેલી જિલ્લા કોંગ્રેસના પ્રમુખ શ્રી પ્રતાપ દુધાતે સરકારને રજૂઆત કરીઅમરેલી જિલ્લામાં છેલ્લા બે દિવસ દરમિયાન પડેલા અતિભારે વરસાદના કારણે ખેડૂતો તેમજ સામાન્ય નાગરિકોને થયેલા વ્યાપક નુકસાન સામે સરકાર દ્વારા તાત્કાલિક રાહત અને વળતર આપવામાં આવે તેવી માંગ સાથે સાવરકુંડલા-લીલીયાના પૂર્વ ધારાસભ્ય તથા અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી પ્રતાપ દુધાતે રાજ્ય સરકારને લેખિત રજૂઆત કરી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે જિલ્લામાં અવિરત અને અતિભારે વરસાદને કારણે અનેક ગ્રામ્ય વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. અનેક પરિવારોના ઘરોમાં વરસાદી પાણી ઘૂસી જતાં અનાજ, કપડાં, ઘરવખરી સહિતની જરૂરી ચીજવસ્તુઓને ભારે નુકસાન થયું છે.

ઉપરાંત અનેક કાચા મકાનો પણ નુકસાનગ્રસ્ત બન્યા હોવાથી ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આવા અસરગ્રસ્ત પરિવારોને સરકાર દ્વારા તાત્કાલિક ધોરણે કેશડોલ ચૂકવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.આ ઉપરાંત ભારે વરસાદ અને નદીઓમાં આવેલા પૂરના પાણી ખેતરોમાં ફરી વળતાં અનેક ખેડૂતોના ખેતરોના પાળા તૂટી ગયા છે તેમજ જમીનનું ધોવાણ થતાં ખેતીલાયક જમીનને ભારે નુકસાન પહોંચ્યું હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

ખેડૂતો દ્વારા મોંઘા ભાવે ખરીદીને વાવેલા બિયારણ અને ખાતર પણ પાણીમાં નષ્ટ થઈ જતાં ખેડૂતોને મોટું આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.શ્રી પ્રતાપ દુધાતે



AMRELI DISTRICT CONGRESS COMMITTEE અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ

પ્રમુખ : પ્રતાપ દુધાત (પૂર્વ ધારાસભ્ય, સાવરકુંડલા, લીલીયા)

કાર્યાલયઃ જુના માર્કેટીંગ યાર્ડ અંદર, અમરેલી મો. 98796 03200 તા. ૦૬/૦૭/૨૦૨૬

પ્રતિ,
માનનીય મુખ્યમંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય,
સ્વર્ણિમ સંકુલ, ગાંધીનગર.

વિષય: અમરેલી જિલ્લામાં છેલ્લા બે દિવસમાં પડેલ અતિભારે વરસાદથી લોકો તેમજ ખેડૂતોના ખેતરોને થયેલ નુકસાન સામે વળતર આપવા બાબત.

માનનીય સાહેબશ્રી,

સવિનય સાથે ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે અમરેલી જિલ્લામાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા અતિભારે વરસાદને કારણે સ્થાનિક લોકો અને ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. પૂર જેવા માહોલને કારણે ગ્રામ્ય વિસ્તારોમાં વ્યાપક નુકસાન થયું છે, લોકોના ઘરોમાં પાણી ઘૂસી ગયા છે, જેને લીધે અનાજ, કપડાં અને અન્ય ઘરવખરી સંપૂર્ણપણે નાશ પામી છે. ઘણા કાચા મકાનોને પણ વ્યાપક નુકસાન થયું છે. આ પરિસ્થિતિમાં અસરગ્રસ્ત પરિવારો તાત્કાલિક ધોરણે કેશડોલ ચૂકવવામાં આવે

તેમજ ખેતરોમાં વરસાદ તેમજ નદી ના પુષ્કળ પાણી ભરાઈ જવાના કારણે ખેતરોના પાળા તૂટી ગયા છે અને જમીનનું ધોવાણ થતાં ખેતરો રેચક થઈ ગયા છે. ખેડૂતોએ મોંઘા ભાવના વાવેલા બિયારણ અને ખાતર સંપૂર્ણપણે નષ્ટ પામ્યા છે.

સરકારશ્રી દ્વારા અમરેલી જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક ધોરણે સર્વે કરાવવામાં આવે અને પીડિત લોકોને મકાન/ઘરવખરીનું કેશડોલ તેમજ ખેડૂતોના ખેતરો ધોવાણ નું વળતર ચુકવવામાં આવે.તેવી અમારી વિનંતી સહ ભલામણ છે

આપનો સ્નેહાધીન
(પ્રતાપ દુધાત)
પ્રમુખશ્રી, અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ
પૂર્વ ધારાસભ્યશ્રી, સાવરકુંડલા-લીલીયા

*નકલ રવાના (જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે):*
1. માનનીયશ્રી જીતુભાઈ વાઘાણી શ્રી
   કૃષિ મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
2. કલેક્ટરશ્રી, અમરેલી
3. જિલ્લા વિકાસ અધિકારીશ્રી , અમરેલી.
4. જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, અમરેલી.

પત્ર વ્યવહાર : ૧૯૬, નવો પ્લોટ વિસ્તાર, મુ.કાંકચ, તા.લીલીયા, જિ.અમરેલી – 365665. ટેલિફેક્સઃ 02845 2352222

સરકારને અપીલ કરી છે કે અમરેલી જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક સર્વે હાથ ધરી નુકસાનનું યોગ્ય મૂલ્યાંકન કરવામાં આવે તેમજ અસરગ્રસ્ત પરિવારોને મકાન અને ઘરવખરી માટે કેશડોલ તથા ખેડૂતોને ખેતરોના ધોવાણ અને પાકને થયેલા નુકસાનનું યોગ્ય વળતર વહેલી તકે ચૂકવવામાં આવે.

આ રજૂઆતની નકલ કૃષિ મંત્રી, અમરેલી કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી તથા જિલ્લા ખેતીવાડી અધિકારીને પણ જાણ તથા જરૂરી કાર્યવાહી માટે મોકલવામાં આવી હોવાનું જણાવાયું છે.

તારીખ : 06/07/2026

# સાવરકુંડલાથી પ્રસાર થતી તમામ એસ.ટી. બસોને ડેપોમાં થંભાવી દેવાઈ






## સાવરકુંડલા ડેપોમાં મોટી સંખ્યામાં મુસાફરો અટવાયા, એસ.ટી. વિભાગે ટિકિટના પૈસા પરત આપ્યા

સાવરકુંડલાથી પ્રસાર થતી એસ.ટી. બસોને સાવરકુંડલા ડેપો ખાતે ઉભી રાખીને આગળ ન વધવા માટે ભાવનગર અને અમરેલી વિભાગ ની બસોને સ્ટોપ આપી નાઈટ હોલ્ટ માટે રાખવામાં આવી હતી. સાવરકુંડલા એસ.ટી.ડેપો ખાતે તળાજા, મહુવા, જુનાગઢ, રાજકોટ, જામનગર, દ્વારકાં, જાફરાબાદ, રાજુલા, ઉના, કોડીનાર, ગારિયાધાર, જેસર, પાલીતાણા, કોડીનાર, વેરાવળ, અંજાર, ભુજ સહિતના રૂટોની બસોને સ્ટોપ આપી થંભાવી દેવામાં આવી હતી.

આ રૂટની બસોમાં રહેલા મુસાફરોને સાવરકુંડલા એસ.ટી. ડેપો મેનેજર વિમલ નથવાણી દ્વારા પ્રયાસો અને એસ.ટી. તંત્રની મંજૂરી લઈને ટિકિટના પૈસા પરત અપાવ્યા હતાં.

સાવરકુંડલા એસ.ટી.ડેપો મેનેજર વિમલ નથવાણી, ટ્રાફિક ઈન્સપેકટર પુનિતભાઈ જોષી, વોચમેન પ્રકાશગીરી મુનાબાપુ, રફીકભાઈ, મારૂભાઈ, વિશ્વાસભાઈ દવે, ટ્રાફિક કન્ટ્રોલર જીગેશભાઈ ભટ્ટ તેમજ સાવરકુંડલા ડેપોના ડ્રાયવર, કંડકટરો, હેલ્પરો, વર્ક શોપ સ્ટાફ દ્વારા મોટી સંખ્યામાં ઉપસ્થિત મુસાફર ભાઈઓ, બહેનો અને બાળકોને ચા, પાણી, બેઠક વ્યવસ્થા, લાઈટો, પંખા તથા યોગ્ય સલાહ, સૂચનો આપી મદદરૂપ થયા હતાં તથા અન્ય રૂટનો ડ્રાયવર કંડકટરો માટે સ્ટાફ રૂમમાં રહેવા, જમવા અને નાઈટ હોલ્ટની વ્યવસ્થા કરીને મદદરૂપ બન્યા હતાં.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 06/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક

## અઢળક કેકની વેરાયટીઓ



## New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

પ્રચાર નહીં તો વેપાર નહીં...

પ્રકાશ પ્રિન્ટર્સ

## તમારા બિઝનેસ લોગો અને ડિજિટલ સાથે
# પોસ્ટર મેળવો

માત્ર **249** 1 વર્ષ માટે

બેસ્ટ ઓફર

7 આકર્ષક ડીફોલ્ટ ફ્રેમ +
1 કસ્ટમ ફ્રેમ (આપની ચોઇસની)

વોટ્સેપ + ફેઇસબુક + ઇન્સ્ટાગ્રામ + સ્ટેટસ માટે




- ફેસ્ટીવલ ઇમેજ
- ગુડ મોર્નિંગ પોસ્ટ
- ગુડ નાઇટ પોસ્ટ
- બર્થ ડે પોસ્ટ
- પોલીટીકલ પોસ્ટ
- સુવિચાર પોસ્ટ
- મોટીવેશનલ પોસ્ટ
- સ્પેશ્યલ કેટેગરી

સુપ્રસિદ્ધ સ્થાનીક સંતો મહંતોના જન્મ જયંતી તેમજ જન્મદિવસની પોસ્ટ સમાવેશ

2 દિવસે ડેમો ફ્રી

## સાથે મેળવો

અમરેલી જિલ્લાની વોટ્સેપ
તેમજ કોલીંગ ડીરેક્ટરી
અને આપનું પ્રિય પ્રકાશ મેળવો ....

દર મહિને ડ્રો કરી બે વિજેતાઓને (મેમ્બસીપ લીધેલ)
આકર્ષક ગીફટ આપવામાં આવશે.

તો આજેજ કૉલ કરો અને ઓફરનો લાભ લો!

# PRAKASH PRINTERS

વધારે માહિતી માટે સંપર્ક કરો Mo. 9409545745


કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526 1,23,873
Reactions and plays
1,573 1,22,466
Reactions and plays
821 1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887 1,01,645
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634 94,382
Reactions and plays
1,149 99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 06/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"સર્પ પોતાના ઝેરથી ક્યારેય મરતો નથી, વાઘ પોતાના જ નખથી ક્યારેય ઘાયલ થતો નથી, ગધેડો પોતાની જ લાતથી ક્યારેય પીડિત થતો નથી, પણ નિંદક પોતાના નિંદાના સ્વભાવથી સ્વભાવ પણ બગાડે છે, સદ્ભાવ પણ તોડે છે, સમાધિ પણ ખંડિત કરે છે અને સદ્ગતિ પર પણ પ્રશ્નાર્થચિહ્ન મૂકી દે છે."




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



Shree Shivkrupanand Swami
**Year2026**


Gurutattva

**3445**
**06/07/2026**
**Monday**

## आत्मा

शुद्ध चित्त का प्रकाश
ही "ओरा" के रूप मे
दिखता है।

बाबास्वामी
6/7/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram : t.me/ShreeShivkrupanandSwami** **Whatsapp : Shivkrupanand Swami**

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 06/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગલગલીયા

**ટીચર :** ઓપરેશન પહેલાં દર્દીને બેભાન કેમ કરવામાં આવે છે?
સોનુ : જો બેભાન ન કરે અને દર્દી ઓપરેશન કરતા શીખી જાય તો ડૉક્ટર પાસે કોણ જાય?....

**મહિલા** (સેલ્સમેનને)- આ ટીવીની શું પ્રાઈસ છે?સેલ્સમેન: ૫૦ હજાર રૂપિયા.
મહિલા: આટલું મોંઘું? તેમાં એવું તો શું ખાસ છે?
સેલ્સમેન: લાઈટ ગયા બાદ તે ઓટોમેટિક બંધ થઈ જાય છે....

**પ્રેશર** કૂકરની ૧૨ સીટી વાગતાં પતિએ પત્નીને કહ્યું, કિચનમાં જઈને જો, દાળ બળી જશે.
પત્ની: ભલે બળી જાય પણ હું તમારી દાળ નહીં ગળવા દઉં.

તારીખ : 06/07/2026
નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 6 જુલાઈ

# મહત્વની ઘટનાઓ

૧૮૯૨ – દાદાભાઈ નવરોજી, બ્રિટનની સંસદમાં ચુંટાયેલા પ્રથમ ભારતીય સભ્ય બન્યા.
૧૯૪૭ – સોવિયેત યુનિયનમાં એ.કે.-૪૭ રાઈફલનું ઉત્પાદન શરૂ કરાયું.
૧૯૬૪ – મલાવીએ યુનાઈટેડ કિંગડમથી સ્વતંત્રતાની ઘોષણા કરી.
૧૯૭૫ – કોમોરોસે ફ્રાન્સથી સ્વતંત્રતાની ઘોષણા કરી.
૨૦૦૬ – ભારત અને ચીન વચ્ચેનો નાથુલા ઘાટ, જે ભારત-ચીન યુદ્ધ સમયથી બંધ કરાયો હતો તે ૪૪ વર્ષ પછી વ્યાપાર માટે ફરી ખુલ્લો કરાયો.

## જન્મ

૧૮૩૭ – આર.જી. ભંડારકર, ભારતીય પ્રાચ્યવાદી અને વિદ્વાન (અ. ૧૯૨૫)
૧૯૦૧ – શ્યામાપ્રસાદ મુખરજી, ભારતીય રાજકારણી, બેરિસ્ટર અને શિક્ષણવિદ્, વડા પ્રધાન જવાહરલાલ નહેરુના મંત્રીમંડળમાં ઉદ્યોગ અને પુરવઠા મંત્રી
૧૯૦૫ – જીવરામ જોષી, ગુજરાતી બાળસાહિત્યકાર (અ. ૨૦૦૪)
૧૯૦૬ – દૌલતસિંહ કોઠારી, ભારતીય વૈજ્ઞાનિક અને કેળવણીકાર (અ. ૧૯૯૩)
૧૯૨૪ – મહિમ બોરા, ભારતીય લેખક અને શિક્ષણવિદ્ (અ. ૨૦૧૬)
૧૯૩૫ – તેનજીન ગ્યાત્સો, ૧૪મા દલાઈ લામા
૧૯૪૩ – મનોજ ખંડેરિયા, ગુજરાતી ગઝલકાર અને કવિ (અ. ૨૦૦૩)
૧૯૪૬ – સિલ્વેસ્ટર સ્ટેલોન, અમેરિકન અભિનેતા, ફિલ્મ નિર્માતા, પટકથા લેખક, ફિલ્મ નિર્દેશક
૧૯૮૫ – રણવીર સિંહ, ભારતીય ફિલ્મ અભિનેતા

## અવસાન

૧૯૮૬ – જગજીવન રામ, ભારતીય વકીલ અને રાજકારણી, ભારતના ૪થા નાયબ વડા પ્રધાન (જ. ૧૯૦૮)
૧૯૯૧ – અનવર મહમદભાઈ આગેવાન, ગુજરાતી લેખક (જ. ૧૯૩૬)
૧૯૯૭ – ચેતન આનંદ, ભારતીય દિગ્દર્શક, નિર્માતા અને પટકથા લેખક (જ. ૧૯૨૧)
૨૦૦૨ – ધીરુભાઈ અંબાણી, ભારતીય ઉદ્યોગપતિ (જ. ૧૯૩૨)
૨૦૧૮ – અમૃતલાલ વેગડ, ગુજરાતી અને હિંદી ભાષાના લેખક અને ચિત્રકાર (જ. ૧૯૨૮)

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 06/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 06/07/2026

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

**કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ**



# ફ્રેશ પસ્તી




**સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી**

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

**CLICK HEAR**

તારીખ : 06/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના
# સાળંગપુરના આજના દર્શન



## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




76K

51K

29K

100K

સંપર્ક : મો. 94997 97973